અગરિયા હિતરક્ષક મંચ
Agariya Heet Rakshak Manch

નિયામકશ્રી, તા.૧લી ડિસેમ્બર, ૨૦૨૦.

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ
બ્લોક નંબર 12,
નવા સચિવાલય
ગાંધીનગર -382010

વિષય: નર્મદાના પાણીથી કચ્છનું નાનું રણ (ઘુડખર અભયારણ્ય) તેમજ પરંપરાગત અગરિયા સમુદાયની આજીવિકાને થતા નુકસાન બાબતે.

માનનીયશ્રી નિયામક મહોદય,

ઉપરોક્ત વિષયે સવિનય જણાવવાનુંકે નર્મદાના પાણી અવાર નવાર કચ્છના નાના રણમાં પહોંચવાની ઘટના બનતી હોય છે. સુરેન્દ્રનગર, મોરબી, પાટણ જિલ્લાના અગરિયાઓ તંત્ર પાસે આ અંગે અગાઉ રજૂઆતો કરેલી છે. આ પત્ર દ્વારા ફરી એકવાર વિગતે આ મુદ્દો, કારણો અને સંભવિત ઉકેલની રજૂઆત આપની પાસે મૂકીએ છીએ.

1. દર વર્ષે સપ્ટેમ્બર મહિનાથી હજારો અગરિયા પરિવારો મીઠું પકવવા માટે સ્થળાંતર કરી કચ્છના નાનારણમાં જાય છે. પહેલા 1.5 -2 મહિના માટી કામ, ગાળા કામ કરી તેઓ મીઠાનો પાટો બનાવવાનું કામ કરે છે. પછી પેટાળમાંથી પાણી કાઢી મીઠું પકવવાની શરૂઆત થાય છે જે એપ્રિલ મહિના સુધી ચાલે છે. મોટા ભાગના અગરિયાઓ વેપારી પાસેથી ધિરાણ લઇ મીઠું પકવે છે. આ સમયગાળા દરમ્યાન જો નર્મદાનું પાણી રણમાં જાય તો તેમના મીઠાના અગરોને ખુબજ નુકસાન થાય છે. વધુ પાણી હોય તો પાટા ધોવાઈ જાય છે, અને ઓછું હોય તો પણ ખારા પાણી (જે જમીનમાંથી કાઢેલુ હોય) તેની ડિગ્રી (ઘનતા)માં ઓછી થઈ જાય છે. પાટા સુધી તેઓ જઈ શકતા નથી. દલદલ જેવું થઈ જાય છે. છેલ્લા કેટલાય વર્ષો રણના જે ભાગમાં પાણી વધુ ગયું, ત્યાં અગરિયાઓ ને પાટા અધવચ્ચે છોડી ને જવું પડ્યું હોય તેવા અનેક કિસ્સાઓ છે.
   એક અગરિયા પરિવાર આ નુકસાનથી 1.5 લાખ સુધી દેવામાં ડૂબી જાય છે. આજ દિન સુધી આ બાબતે અગરિયાને કોઈ વળતર, વીમો કશું જ મળેલ નથી.
2. નર્મદાનું પાણી ધ્રાંગધ્રા, પાટડી, હળવદ, માળિયા, સાંતલપુર, આડેસર આ વિસ્તારના રણ-કાંધી પર આવેલા ગામોમાંથી વહેતા વ્હોકળા, નદીઓ, ચેનલો (જે રણમાં મળે છે) તેમાંથી રણ સુધી પહોંચે છે.
3. પાંચ વર્ષ પહેલા બનાસ નદીમાં વધારાનું પાણી મોટા પ્રમાણમાં છોડવામાં આવ્યું હતું.. હાલ પણ કેટલીકવાર છોડવામાં આવે છે, (હવે અગરિયાઓને અગાઉ મહિતગાર કરવામાં આવે છે) અને બનાસ નદી માંથી આ પાણી રણમાં જાય.

બી-૩, સહજાનંદ ટાવર્સ, જીવરાજ પાર્ક ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦ ૦૫૧, ગુજરાત, ભારત ફોન : (૦૭૯) ૨૬૮૨ ૧૫૫૩
B-3, Sahajanand Tower, Jivrajpark Char Rasta, Ahmedabad-380 051, Gujarat, India Phone : (079) 2682 1553
Email :ahrmgujarat@gmail.com, Website : www.saltpanworkerblogspot.com

4. ક્યારેક કાંધીના ગામોના ખેડૂતો  કેનાલમાંથી બકનળીઓ નાખી તેમના ખેતર સુધી પાણી લઇ જાય છે, કારણ તેમને ખેતીમાં પાણી જોઈએ છે, અને તે પહોંચાડવા માટેના નાની કેનાલો, **distributory**, કે બીજી કોઈ વ્યવસ્થા થઇ નથી. આ બકનળીઓ સતત ચાલુ રહે છે. પાણીનો વપરાશ ઓછા-વત્તા પ્રમાણમાં થાય છે. અને વધેલું પાણી વ્હોકળામાં થઇ રણમાં પહોંચે છે...(તાજેતરમાં કુડા બાજુ આવું થયું છે)
5. ક્યારેક કેનાલમાં ગાબડું પડે, તૂટે, નુકસાન થાય અને પાણી વહે છે. રણકાંઠા ઉપરના ભાગમાં આ થયું હોય તો પાણી રણને અડીને આવેલા વ્હોકળાઓમાંથી રણમાં પહોંચે છે. સપ્ટેમ્બરથી એપ્રિલ સુધી આવી ઘટના બને છે, સમાચારોમાં આવે, તંત્રને રજૂઆતો થાય, પછી તાત્કાલિક પાણી બંધ કરવા માટે તંત્ર દોડે છે, પણ કાયમી ઉકેલ માટે ખાસ કશું થતું નથી. આવી ઘટનાઓનું પુનરાવર્તન થયા કરે છે.
6. ક્યારેક ખેડૂતોને પાણી જોઈએ માટે પાણી છોડવામાં આવે છે. પણ કેટલું જોઈએ, ક્યાં સુધી ? આનો આંદાજ ચુકે છે.. પાણીનો વપરાશ થતો નથી, વધારાનું પાણી વેડફાઇ રણમાં વહી જાય છે.
7. ખેડૂતોને પાણીના વપરાશનું ભાન નથી? બકનળીઓ ખુલ્લી કેમ મૂકે? આ પ્રશ્નોને મોટું સ્વરૂપ મળે છે. ખેડૂતો, અને અગરિયાઓ વચ્ચે ઘર્ષણ ઉભું ન થાય માટે રણ કાંઠાની પંચાયતો સમજાવટ કરે છે.
8. મુખ્ય મુદ્દો પાણીના વ્યવસ્થાપનનો છે. તે માટે વિભાગ પાસે માળખાગત સુવિધા છે, ટેક્નોલોજી છે, દેખરેખ માટેની વ્યવસ્થા છે, પાણીના ગણતરી માટેની ફોર્મ્યુલા છે, પણ પાણીનું વ્યવસ્થાપન બરાબર થતું નથી. પરિણામે લાખો લીટર પાણી રણમાં જઈ વેડફાઈ છે.
9. નર્મદાના પાણીનો એકાઉન્ટ, હિસાબનો રિપોર્ટ દર થોડા દીવસે વિભાગ પાસે આવે છે. **Water account** (પાણીનો હિસાબ) માં આ પાણીનું વેડફાવવું  કેમ દેખાતું નથી?  અથવા, શું આ દેખાયું? અને તેની સામે કોઈ ચોક્કસ નક્કર પગલાં લેવાયા? આ પાયાનો પ્રશ્ન છે. જેના તરફ સરકાર ખાસ ધ્યાન આપતી નથી.
10. નર્મદાના પાણીનું એક એક ટીપું કેમ વાપરવું, ક્યાં વાપરવું, કેવી રીતે વાપરવું તેના નિયમો છે, શરતો છે. તો "રણમાં કાંઠાની નજીક થતું "**Water Logging**" ઉપર હજુ સુધી કોઈ નક્કર પગલાં કેમ લેવાયા નથી. આવું **water logging** ન થવું જોઈએ એ પણ એવોર્ડની એક શરત છે. પર્યાવરણના દૃષ્ટિકોણથી આ **water logging** નુકસાન કારક છે અને નર્મદાએ પર્યાવરણને નુકસાનન થાય એવું પાણીનું વ્યવસ્થાપન, અને વિતરણ કરવાનું છે તે પૂર્વશરત છે.
11. રણ ઘુડખર અભયારણ્ય છે. અન્ય પક્ષી, પ્રાણીઓ માટેનો વસવાટ છે. ઘુડખર 4 માસ માટે કાંધી પર, અથવા બેટ પર રહે અને આઠ માસ માટે સૂકા ભટ રણમાં દૌડે છે, હરે ફરે છે. નર્મદાના પાણી વાળું રણ, કાદવ કિચડ રણ તેના માટે માફક નથી, તે રક્ષિત પ્રાણી છે. ગુજરાતે અભયારણ્ય બનાવી તેના રક્ષણ અને સંવર્ધનની જવાબદારી લીધી છે. ઘુડખરના  વસવાટને, તેના રણને નુકસાન થાય એવી તમામ બાબતો પર નર્મદા વિભાગે તાત્કાલિક ધોરણે ધ્યાન આપી તેનું નિરાકરણ લાવવું જોઈએ. જે થયું નથી . ચોમાસા સિવાયના મહિનાઓમાં રણમાં પાણી જવાની ઘટનાઓ બનતીજ જાય છે.

બી-૩, સહજાનંદ ટાવર્સ, જીવરાજ પાર્ક ચાર રસ્તા,
અમદાવાદ-૩૮૦ ૦૫૧, ગુજરાત, ભારત
ફોન : (૦૭૯) ૨૬૮૨ ૧૫૫૩

B-3, Sahajanand Tower, Jivrajpark Char Rasta,
Ahmedabad-380 051, Gujarat, India
Phone : (079) 2682 1553



Email :ahrmgujarat@gmail.com, Website : www.saltpanworkerblogspot.com

12. આ માટે 5 વર્ષ પહેલાં જયારે સાંતલપુર રણમાં વધુ પાણી છોડવાથી રણ માં એક સગર્ભા માતાનું મૃત્યુ થયું અને ત્યાર બાદ અગરિયાઓએ આંદોલન કર્યું, **RTI** થકી 48 કલાકમાં વિભાગ પાસે જવાબ, કારણ માંગ્યું, ત્યારે વિભાગ સાથે કેટલાક નિરાકરણના પગલાંની ચર્ચા થઇ હતી. 5 વર્ષમાં વિભાગે તેના પર પણ કશું કરેલ નથી. આ હકીકત છે.
13. કાંધીમાં 4-5 જગ્યાએ મોટા તળાવો કરી શકાય જે વધારાનું પાણી નદી, વ્હોકળાઓ થકી રણમાં જાય છે, તેના બદલામાં આ તળાવોમાં વાળી શકાય આ પંચાયતો એ સૂચવ્યું છે. આવા તળાવો ક્યાં કરવા શક્ય છે, તેનું આયોજન કાંઠાની પંચાયતો સાથે મળી કરવું જરૂરી છે.
14. રણ કાંઠાના ખેડૂતોને ઓફિસિયલી પાઇપ લાઈન દ્વારા, **distributories** દ્વારા પાણી મળે અને તે માટેનાં કામોને પ્રાધાન્ય આપી પુરા કરવા જોઈએ.
15. પાણી ક્યારે, કેટલું કોને જોઈએ તેનું આયોજન અને વ્યવસ્થાપનમાં ફેરફાર લાવવાની જારૂર છે. ખેતી માટે પાણી છોડવામાં **adhoc** એપ્રોચ અથવા મૌખિક સૂચનાન ચાલે. આવી પ્રથા, પદ્ધતિને સદંતર બંધ કરવી જોઈએ. તેમાં પારદર્શિતા જોઈએ. એક એપ હોવું જોઈએ જે કેટલું પાણી છોડ્યું ? તે કેટલી ડિમાન્ડ છે**?** તે **live** દર્શાવે.
16. નર્મદાનું પાણી વેડફાવાની ઘટના બને ત્યારે તે બાબત "બેદરકારીથી પબ્લિક નાણાંનું, સંસાધનને થયેલું નુકસાન ગણી તેની સામે તપાસ થવી જોઈએ. તપાસની અહેવાલ જાહેર કરવો જોઈએ.

આ પત્ર દ્વારા હકીકત, અસર, અને કેટલાક ઉકેલ અને અગરિયા સમુદાયની માંગણી આપના સમક્ષ રજુ કરી છે. અપેક્ષા છે, કે વિષયની ગંભીરતાને ધ્યાને લઈ તાત્કાલિક ધોરણે આ અંગે કાર્યવાહી હાથ ધરવામાં આવશે, અને તેની જાણ અમને અને સમુદાયને કરવામાં આવશે.

આભાર સહ,

(હરિણેશ પંડયા)

પ્રમુખ

અગરિયા હિતરક્ષક મંચ

**M-9824048842**

નકલ રવાના:

સચિવશ્રી,

નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,

બ્લોક નંબર -9, નવા સચિવાલય

ગાંધીનગર -382010

બી-૩, સહજાનંદ ટાવર્સ, જીવરાજ પાર્ક ચાર રસ્તા,
અમદાવાદ-૩૮૦ ૦૫૧, ગુજરાત, ભારત
ફોન : (૦૭૯) ૨૬૮૨ ૧૫૫૩

B-3, Sahajanand Tower, Jivrajpark Char Rasta,
Ahmedabad-380 051, Gujarat, India
Phone : (079) 2682 1553

Email :ahrmgujarat@gmail.com, Website : www.saltpanworkerblogspot.com